ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શરાબની હાટડીઓ ક્યારેય બંધ થશે ખરી..?

"પીનેવાલો કો પીને કા ઠીકાના મીલ હી જાતા હૈ..." કોઈ ફિલ્મી સંવાદ જેવુ સાનુકૂળ (...?) વાતાવરણ અહીં જ મળી રહે છે. જી...હા... રાજયના પાટનગર ગાંધીનગરમાં ફ્રી ફૂડ ડિલીવરીની માફક દારૂની ડિલીવરી ઘરે ઘરે મળી રહે છે. દારૂબંધીના કડક કાયદાની રૂપાણી ધમધોકાર ચાલે છે. આસપાસના રાજ્યોમાંથી સરાબ બેફામ ઘુસાડવામાં આવે છે. પોલીસ અને આરટીઓ તંત્રનો તો બખ્ખેબખ્ખાં છે. કરોડોની કટકી છેક ઉપર સુધી પહોંચે છે. વળી પાટનગરમાં તો તેની ઘર સુધી ડિલવરી કરવાવાળા માણસો પણ મળી જ જાય છે. કડક કાયદો

## ટાઈમ પ્લીઝ

સરકાર ગમે તેટલીવાર જાહેરાત કરે પરંતુ ભ્રષ્ટ તંત્ર હશે ત્યાં સુધી આ વેપલો બેફામ ચાલશે જ તેમાં કોઈ શંકા ખરી..?"

રાજયના પાટનગર ગણાતા ગાંધીનગરમાં તમામ સુખ-સુવિધાઓ ઉપલબ્ધ છે. જાણીતી બ્રાન્ડના શો રૂમ્સ સહિત મોટા મોલ અહી સ્થપાયા છે. અહીંનુ વાતાવરણ રહેવા માટે ખૂબ અનુકૂળ છે. જો કે આ ઉપલબ્ધ સુખ-સુવિધાની વ્યાખ્યામાં દારૂ-શરાબની ફ્રી હોમ ડિલીવરીનો નિઃશકપણે સમાવેશ થઈ જાય છે. રાજ્યમાં દારૂબંધીનો કડક કાયદો અમલમાં છે. મસમોટી સજાની જોગવાઈ છે પરંતુ દારૂ વેચનારા કે પીનારા કેટલા લોકોને સજા થઈ..? કદાચ આંકડો હશે તો પણ એ દારૂના વેપલાના મસમોટા આંકડા સામે ખૂબ નાનો હશે..! જાહેરમાં ક્યાંય દારૂનુ વેચાણ થતુ નથી... ક્યાંય જાહેરમાં પીનારાઓ દેખાતા નથી પરંતુ એ હકીકત તમામ લોકો જાણે છે કે એ મળી તો જશે જ..! ખૂબ જ છુપી રીતે દારૂ પીવાનો અને પહોંચાડવાનો ધંધો આ બદીને અટકાવી શક્યા નથી. ઉલ્ટુ જેટલો કાયદો કડક એટલો વધુ ભ્રષ્ટાચાર... એટલી વધુ ખાયકી..! મોટી સજા કે દંડ ભરવો તેના કરતાં નાની-મોટી ખાયકી વેપલો કરનારા અને તેને સાચવનારા બંનેને ફાવી ગઈ છે.

ખૂબ ઉંચા દામે અને અનેકગણો નફો લઈ વેચાતી આ વિદેશી શરાબ જેની પહોંચની બહાર છે તેઓ દેશી દારૂનો આશરો લે છે. વળી આ દેશી દારૂ તો પાટનગરમાં જ કે તેની આસપાસ જ બને છે. બિન્દાસ દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમે છે. ઉપરથી ધોંસ બોલાવાય તો થોડોક સમય બધુ નિયંત્રણ હેઠળ હોય તેમ ત્રણ-ચાર દરોડા પાડી સંતોષ માની લેવાય છે. પરંતુ સત્ય એ છે કે સોનાનુ ઈંડુ આપતી મરઘીને મારી નાંખવી કોઈને પોષાય તેમ નથી..! કાયદાઓ કડક હોવા જ જોઈએ... ગુન્હેગારો થરથર કાંપે તેવી સજા હોવી જ જોઈએ... પરંતુ સામા પક્ષે તંત્રમાં તેની અમલવારીની નિષ્ઠા પણ એટલી જ હોવી જોઈએ...



બોલ મારી અંબે... જય જય અંબે...ના જયઘોષ સાથે ગાજતા પાટનગરના રાજમાર્ગો....

# સ્વર્ણિમ પાર્કને હરિયાળો રાખવા વધુ એક પાણીનો બોર શરૂ થશે

## પાણીનો સપ્લાય આપવા પાર્કમાં કુલ પાંચ બોર કાર્યરત થશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સરગાસણ સ્થિત શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પાણીનો સપ્લાય કરવામાં આવે છે. જયારે આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં પણ ચાર જેટલા પાણીના બોરના માધ્યમથી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. આ ઉપરાંત હાલ સ્વર્ણિમ પાર્કમાં નવા બોરનુ પણ નિર્માણ કરાયુ છે. આગામી દિવસોમા આ બોરના આધારે પણ સપ્લાય પુરો પાડવામાં આવશે.

ગાંધીનગરમાં સહેલાણીઓ માટે આગવા આકર્ષણનુ કેન્દ્ર બનેલા સ્વર્ણિમ પાર્કમાં રોજબરોજ હજારો લીટર પાણી સપ્લાય કરવામાં આવે છે. પાર્કની હરિયાળી બરકરાર રાખવા માટે સરગાસણ સ્થિત પાણી શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પણ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સ્વર્ણિમ પાર્કમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે ચાર જેટલા બોર પણ કાર્યરત છે. બન્ને ફેઈઝમાં પાણીના બોર દ્વારા પણ સપ્લાય આપવામાં આવે છે.

જયારે પાર્કમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે નવો બોર પણ તૈયાર કરી દેવાયો છે. અભિલેખાગાર પાસે પાર્કને અનુલક્ષીને નવો બોર બનાવાયો છે. આ બોરના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૫ લાખનો ખર્ચ કરાશે. જયારે આગામી દિવસોમાં આ બોરના માધ્યમથી પાણીનો સપ્લાય શરૂ કરી દેવાશે. જેથી પાર્કમાં પાણીની જરૂરિયાતનો પ્રશ્ન પણ હલ થશે.

સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે તેમજ હરિયાળા રોપાઓ તેમજ લોનની હરિયાળી યથાવત રહે તે માટે પુરતા પાણીનો સપ્લાય આપવામાં આવે છે. પીવાના પાણીનો સપ્લાય ન આપવો પડે તે માટે પાર્કને સરગાસણ સ્થિત શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જયારે વધુ જરૂરિયાનો સંતોષવા માટે નવા બોરનુ પણ નિર્માણ કરાયુ છે.

# પાછોતરા વરસાદથી ખેતીને નુકશાનનો ભય ખેડૂતોને સતાવે છે

ગાંધીનગર, તા. ૫

જિલ્લામાં થઈ રહેલા પાછોતરા વરસાદને પગલે કૃષિને નુકશાન થઈ રહ્યા હોવાથી ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યા છે. જિલ્લામાં ગઈકાલે સરેરાશ દોઢથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ખેતીમાં કપાસના પાકને ફૂલ આવવાની સ્થિતિ ઉભી થઈ છે પણ વરસાદને કારણે કપાસને નુકશાન થઈ રહ્યુ છે. આ ઉપરાંત શાકભાજી ખાસ કરીને વેલાવાળા શાકભાજીને નુકશાન થઈ રહ્યું છે.

જિલ્લામાં કપાસનું વાવેતર ૨૩ હજાર હેક્ટરમાં થયુ છે. જયારે શાકભાજીના પાકોનું વાવેતર ૧૧ હજાર હેક્ટરમાં થયુ છે. આ ઉપરાંત ચોમાસુ બાજરીના પાકને પણ નુકશાનનો ભય ઉભો થયો છે.

જો કે હજુ આગામી ત્રણ દિવસ સુધી જિલ્લામાં હળવાથી ભારે વરસાદનુ પૂર્વાનુમાન છે. તંત્ર હજુ પાકની સ્થિતિ સારી હોવાનું જણાવી રહેલ છે. જો કે ખેડૂતોને થઈ રહેલા આ વરસાદને પગલે ચિંતાની લાગણી થઈ રહી છે.

જિલ્લામાં આ વર્ષે એક લાખ ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જિલ્લામાં જો કે હજુ આગામી દિવસોમાં દિવેલાનું વાવેતર થાય તેવી શક્યતા છે.

# જિલ્લામાં ૨૩ કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને મેલેરિયા તંત્રે નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે સંવેદનશીલ વિસ્તારોમાં મેલેરિયા તંત્રની ટીમો ત્રાટકી હતી અને ૧૧૯ જેટલી કન્સ્ટ્રકશન સાઈટો પર તપાસ હાથ ધરી હતી. જેમાંથી ૨૩ જેટલી સાઈટો પરથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવતાં તેના સંચાલકોને નોટીસ આપવામાં આવી છે.

તંત્રની ૮૩ જેટલી ટીમો દ્વારા આજે સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ ટીમોએ આજે ૪૪ જેટલા તાવના કેસ શોધી અને તે દર્દીઓના લોહીના નમૂના મેળવી ચકાસણી માટે મોકલી આપ્યા છે.

જિલ્લામાં એક જ દિવસમાં તાવના આટલા કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જોકે તંત્રએ દાવો

● અનુસંધાન પાન-૭ પર

# દિપડાને કેદ કરવા આવેલી નિષ્ણાંતોની ટીમ પણ વિલા મોંએ સાસણ પરત ફરી

## ચબરાક દિપડો કોઇકાળે વનતંત્રની ગિરફતમાં આવતો નથી

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લામાં દિપડો છેલ્લા એક વર્ષથી દેખા દેતો હોવાની બુમ સમયાંતરે ઉઠવા પામે છે. પીંપળજ , પીંડારડા સહીત અલુવાના જંગલ વિસ્તાર અને નદીના કાંઠાના બન્ને ગામોની સીમમાં દિપડો ઘણીવાર ફરતો હોવાનુ સ્થાનિક ગ્રામજનોને નજરે પડયુ છે. જયારે આ વિસ્તારના ગામોમાં ઘુસીને દિપડાએ મારણ કર્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. દિપડાને પકડવા માટે વનતંત્ર દ્વારા સાસણગીરની ટીમ કામે લગાડવામાં આવી હતી. પરંતુ સપ્તાહના અંતે પણ દિપડાની ભાળ ન મળતા આ ટીમને પણ દિપડાને કેદ કરવામાં સફળતા મળી નથી. દિપડા નિષ્ણાંતની આ ટીમ પણ વિલા મોં એ પરત ફરી છે.

ગાંધીનગરના પલીયડ પીંપળજ અને અલુવાના જંગલમાં આંટા ફેરા મારતા દિપડાને કેદ કરવા માટે વનતંત્ર દ્વારા છેલ્લા ઘણાં સમયથી પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગામડાઓમાં ઘુસીને મારણ કરી જતા દિપડાને અનેકવાર ગ્રામજનોએ પણ જોયો છે. જયારે દિપડો આ વિસ્તારમાં આંટા મારતો હોવાથી સ્થાનિક ગ્રામજનોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. આવા સંજોગોમાં દિપડાને કેદ કરવા માટે વનતંત્ર દ્વારા સાંસણગીરની ટીમ પણ છેલ્લા એક સપ્તાહથી કામે લગાડવામાં આવી હતી. બનાસકાંઠાની અકસ્પર્ટ ટીમ બાદ સાંસણ ગીરના નિષ્ણાંતોએ પણ દિપડાને કેદ કરવા માટે નવી પધ્ધિત અપનાવી હતી. પરંતુ અનેક પ્રયાસોના અંતે પણ દિપડો હજુ વનતંત્રના હાથમાં આવ્યો નથી. બીજીતરફ દિપડાના આંટાફેરા હજુ આ વિસ્તારમાં ચાલુ છે. જેથી સ્થાનિક ગ્રામજનો પણ સાવચેતી રાખી રહ્યા છે. નદીના કોતર વિસ્તારમાં જોવા મળતા દિપડાએ લાંબા સમયથી આ ઠેકાણે વસવાટ કર્યો હોવાનુ પણ મનાઇ રહ્યુ છે. ત્યારે દિપડો પોતાના પરિવાર સાથે અહીં હોવાની અટકળો પણ પ્રબળ બની છે. પરંતુ લાંબા સમયના પ્રયાસોના અંતે પણ દિપડો હજુ પણ વનતંત્રની પક્કડમાં આવ્યો નથી. જેના લીધે દિપડાને કેદ કરવાના મામલે વનતંત્રએ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે.

## તૃતિય માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. બળદેવભાઈ ગંગારામ પરમાર**
નિવૃત્ત કાર્યપાલક ઈજનેર અને નાયબ સચિવ (માર્ગ અને મકાન વિભાગ)
સ્વ. તા. ૬/૬/૨૦૧૯

આપના મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં
આપના કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં છો,
અને રહેશો એનો અમોને વિશ્વાસ છે. તમારી હિંમત, રમુજી સ્વભાવ,
ધાર્મિક ભાવના અને નિઃસ્વાર્થ સેવાનું સ્મરણ કરી આપને અમારી
હાર્દિક સ્મરણાંજલિ અર્પીએ છીએ...

ગં.સ્વ. હીરાબેન બળદેવભાઈ પરમાર
પાયલ કમલેશભાઈ પરમાર — કમલેશભાઈ બળદેવભાઈ પરમાર
નિરવ કમલેશભાઈ પરમાર — ફાલ્ગુની કમલેશભાઈ પરમાર
કરણ અતુલભાઈ પરમાર — અતુલભાઈ બળદેવભાઈ પરમાર
રાજ અતુલભાઈ પરમાર — કાજલ અતુલભાઈ પરમાર
હર્ષ કિરણકુમાર ચૌહાણ (ભાણો) — કિરણકુમાર બળદેવલાલ ચૌહાણ (જમાઈ)
હેમાંગીની કિરણકુમાર ચૌહાણ (પુત્રી)

# સાઈકલ સ્ટેન્ડના કર્મચારીઓને છુટા કરી દેવાતા ગુડાના ચેરમેનને રજુઆત

## નવી એજન્સીએ તેમના સ્ટાફને કામે લગાડી દેતા ૬૭ની રોજગારી છીનવાઇ

ગાંધીનગર તા ૫

ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટના આધારે રોજીરોટી મેળવતા તમામ કર્મચારીઓને ફરજ પરથી છુટા કરી દેવાયા છે. ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટ માટે નવી એજન્સી કાર્યરત થતા આ કર્મચારીઓને ઓછો પગાર આપવાની વાત કરીને કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય એજન્સીએ તેના નવા સ્ટાફને કામે લગાડી દીધો હોવાનુ પણ ઓપરેટરોએ જણાંવ્યુ છે. આ મામલે તેમણે ગુડાના ચેરમેન અને જિલ્લા કલેકટરને પણ રજુઆત કરી છે.

ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટ અન્વયે શહેરના વિવિધ ૩૦ જેટલા સ્ટેન્ડ પર કાર્યરત ઓપરેટરોને છુટા કરી દેવાયા છે. આ સાઈકલ શેરીંગ પ્રોજેકટ અન્વયે નવી એજન્સીને કામ સોંપાતા પગાર ઘટાડવાની વાત થતા આ મામલે કર્મચારીઓએ રજુઆત પણ કરી હતી પરંતુ તેમની રજુઆતને ધ્યાને લીધા વિના જ સ્ટાફને છુટો કરી દેવાતા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતનુ કોમ્યુનિકેશન નેટવર્ક સંપૂર્ણ ઠપ્પ થઈ ગયુ !!

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર સ્ટ્રોમ વૉટરની લાઈન નાખવાના ચાલી રહેલ કામને પગલે જી.સ્વાનનુ નેટવર્ક ખોરવાઈ જવા પામેલ છે એટલુ જ નહિ પંચાયતના તમામ ટાટાના ટેલિફોન બંધ થઈ ગયા છે.

જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર સ્ટ્રોમ વૉટરની લાઈન નાખવા ચાલી રહેલ કામને કારણે મુલાકાતીઓને તો પારાવાર મુશ્કેલી પડી જ રહી છે હવે ફોન અને જી.સ્વાન નેટવર્ક પણ ઠપ્પ થઈ જતાં બધા જ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

આ રોડ પર જે ડ્રેનેજની ચેમ્બરો બનાવવાની હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

# સોમવારથી અંબાજી રૂટમાં રોજ ૨૦ બસો દોડશે

## ગાંધીનગર ડેપો દ્વારા પુનમ સુધી ૧૨૦ બસો દોડવાશે : પોરબંદર અને આહવા રૂટમાં પણ નવી બસો શરૂ કરાઇ

ગાંધીનગર તા ૫

ભાદરવી પુનમ નિમિત્તે અંબાજી જતા ભાવિકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. નગરના માર્ગો પર જય અંબેના જયઘોષ સાથે પગપાળા જતા પદયાત્રિકો જતા નજરે પડે છે. ભાદરવી પુનમ નિમિત્તે અંબાજીમાં શ્રધ્ધા ભક્તિનુ ઘોડાપુર ઉમટે છે. જયારે આ ભાવિકોને યોગ્ય બસ સેવા પુરી પાડવા માટે એસ ટી નિગમ દ્વાર પ્રતિવર્ષ વધારાની બસ દોડાવામાં આવે છે. આ વર્ષે પણ અગિયારસથી ભાદરવી પુનમ સુધી ગાંધીનગર એસ ટી ડેપો દ્વાર દ્વારા વધારાની રોજ ૨૦ બસો દોડાવામાં આવશે. અંબાજીના રૂટમાં અંદાજિત ૧૨૦ જેટલી બસો દોડાવાશે.

અંબાજીમાં ભાદરવી પુનમ નિમિત્તે ભાવિકોનુ ઘોડપુર આવે છે. અત્યારે શહેરના માર્ગો પર અંબાજી પગપાળા જતા યાત્રિકોની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. અંબાજી જતા પદયાત્રિકો માટે ઠેર ઠેર સેવાકેન્દ્રો પણ શરૂ કરી દેવાયા છે. આ સેવાકેન્દ્રોના માધ્યમથી પદયાત્રિઓને તમામ સેવા પુરી પાડવામાં આવી રહી છે. જયારે ગાંધીનગરથી બસમાં દર્શનાર્થે જતા ભાવિકોની પણ સંખ્યા વિશેષ હોય છે જેને ધ્યાને રાખીને ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડવામાં આવી રહી છે. આ વર્ષે પણ આગામી

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજી.નં.ભ-૨૦૨૫, તારીખ : ૨૮/૧૦/૧૯૭૫
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨/૯/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

તા. ૫/૯/૨૦૧૯ — દિલીપસિંહ ચૌહાણ, પ્રમુખ

## ઝિયારત બેસણું



**મર્હુમ એન. આર. ખાન**

અમારા પૂજ્ય પિતાશ્રી તા. ૦૪-૦૯-૨૦૧૯ ને બુધવારના રોજ જન્નતનશીન થયેલ છે. સદ્‌ગતની ઝિયારત તથા બેસણું તા. ૦૬-૦૯-૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ રાખેલ છે.

: સ્થળ :
પ્લોટ નં. ૫૧૭/૧, સેક્ટર-૭/બી, ગાંધીનગર

લી.
ઈરશાદ એન. ખાન
રાશીદ એન. ખાન
જાવેદ એન. ખાન
અનશ એન. ખાન

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com